ગાંધીનગર સમાચાર

ટાઉનહોલની ટેલિફોન સેવા ચાર વર્ષથી ઠપ્પ

# બહુમાળી બિલ્ડીંગના ધાબેથી યુવાનની મોતની છલાંગ

## ૩૧ વર્ષીય અપરિણીત યુવાનના આપઘાતનું કારણ અકબંધ





ગાંધીનગર, તા.૨૬

શહેરના સે-૧૧ ખાતે સ્થિત એમ.એસ. બિલ્ડીંગના ધાબા પરથી આજે સવારના અરસામાં ૩૧ વર્ષીય અપરિણીત યુવાને છલાંગ લગાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સેકટર-૧૪ ખાતે રહેતા આ યુવાનના આપઘાત પાછળનું કારણ હજુ અકબંધ છે. સેકટર-૭ પોલીસે મૃતદેહ પીએમ કરાવી મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૪ ખાતે પ્લોટ નં. ૧૪૧/૨માં રહેતો ૩૧ વર્ષીય અપરિણીત યુવાન મિલીન્દ રણછોડભાઈ સોલંકી આજે સવારના અરસામાં સે-૧૧માં એમ.એસ. બિલ્ડીંગના ધાબે ચઢી ગયો હતો. કોઈ અગમ્ય કારણોસર મિલીન્દ સોલંકીએ ધાબેથી નીચે પડતું મુકી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો જો કે ત્યાં સુધીમાં તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. દિકરાના આપઘાત અંગે પિતાને જાણ થતા આખું પરીવાર સિવિલ હોસ્પિટલ પહોંચી ગયું હતું અને તેના આપઘાત કરવા પાછળ શું કારણ હોઈ શકે તે બાબતે તે પણ દ્વીધામાં હતાં. મૃતદેહ પીએમ કરાવી સે-૭ પીએસઆઈ ગઢવીએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નોંધનીય બાબત છે કે મિલીન્દ ને અન્ય બે મોટા ભાઈઓ પણ છે અને તે બંને અપરિણીત છે. તેને પગલે સામાજીક કારણોસર આપઘાત કર્યો હોવાનું પણ પોલીસને અનુમાન છે.

## @ગાંધીનગર

● સેંટ ઝેવિયર્સ ગાંધીનગર દ્વારા સવારે ૯.૧૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ૪૬મો વાર્ષિકોત્સવ ઉજવાશે.

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૨૯, વાસ્તુ નિર્માણ સોસાયટી સે-૨૨ ખાતે સંસ્થાનીન માસિક બેઠક યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સે-૧૭, નવરાત્રી ચોક ખાતે યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે ફેન્ટાસ્ટીક ફેમેલી નાટક રજૂ કરાશે.

● સે-૧૧ ટેલિફોન એકસચેન્જ ખાતે બપોરે ૧૨ કલાકે બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલત યોજાશે.

● ક્રિએટીવ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સે-૬-ડી, ક્રિશ્ના વૃદ્ધાશ્રમ ખાતે ફ્રી મેડીકલ ચેક અપ કેમ્પ યોજાશે.

● તાવરિયાજી ગ્રૂપ ગાંધીનગર દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨ બલરામ મંદિર ખાતે લયબધ્ધ શ્વસન સ્વાસ્થ્ય શિબિર યોજાશે.

● ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે શનિવારના રોજ બપોરે ૧ કલાકે રાજભવન, સરકીટ હાઉસ ખાતે જિલ્લા દલિત સેનાની બેઠક યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## વાતવાતમાં

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે જુનાગઢની મેડીકલ કોલેજના ડોકટર્સની એક ટીમ મુલાકાતે પધારી હતી. આ ટીમે સિવિલ હોસ્પિટલની કાર્યવાહીની સઘન સમીક્ષા કરી ઉપયોગી બાબતોની નોંધ લીધી હતી.

● શહેરના વાતાવરણમાં ફરી એકવાર અચાનક પલ્ટો આવ્યો છે. આ કારણે સિવિલ હોસ્પિટલમાં મોટા ભાગના દર્દીઓએ ભારે બેચેનીનો અનુભવ કર્યો હતો.

● ચિલોડાથી ગાંધીનગર આવતા એક સ્કૂટી ચાલકે પેટ્રોલપંપને જોતા પેટ્રોલ પુરાવાનું યાદ આવતા અચાનક બ્રેક મારી હતી. આ કારણે તેની પાછળ આવી રહેલા રીક્ષા ચાલકે સ્કૂટીને બચાવવાનો પ્રયત્ન કરતા તેની રીક્ષા પલ્ટી ખાઈ જવા પામી હતી અને ચાલકને ઈજાઓ થવા પામી હતી.

● કલોલ તાલુકાના નંદાસણની એક પરિણિતાએ એસિડ ગટગટાવી લેતા ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ લવાઈ હતી પરંતુ તેનો જીવ બચી શકયો નહોતો. જો કે પરિણિતાના કુટુંબીજનોએ તેનું પોસ્ટમોર્ટમ પણ થવા ના દેતા ઘટનાએ ચકચાર જગાવી હતી.

● ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘની ગાંધીનગર મુલાકાત અચાનક સલામતીના કારણોસર રદ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે. જો કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની મુલાકાત નિશ્ચિત હોવાથી પોલીસ સલામતી મામલતે સતર્કતા દાખવી રહી છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**



ગાંધીનગર નજીક આવેલી લેકાવાડા પ્રાથમિક શાળામાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો દ્વારા તેના દૈનિક જીવનમાં ઉપયોગી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી આ પ્રવૃત્તિઓ જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલી હતી. વેસ્ટમાંથી બેસ્ટ, ફુલદાની, કાગળકામ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વેશભૂષા, રોટલા ઘડવા, હેરસ્ટાઈલ વગેરે પ્રવૃત્તિઓ ખૂબ સુંદર રીતે બાળકોએ કરી હતી. ત્યારબાદ તે પ્રવૃત્તિઓનું નિદર્શન ગ્રામજનો સમક્ષ કરાયું હતું. ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજર રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

# ટાઉનહોલની ટેલીફોન સેવા ચાર વર્ષથી ઠપ્પ

## ટાઉનહોલના બુકીંગ માટે નગરજનોએ રૂબરૂ જવું પડે છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના ટાઉનહોલમાં છેલ્લા ચાર વર્ષથી ટેલીફોન સેવા બંધ હાલત માં છે. આ સેવા બંધ રહેતા નગરજનોને ભારે હાલાકી વેઠવાનો વારો આવે છે. ટાઉનહોલના બુકીંગ માટે સાહિત્ય અને કલા પ્રેમીઓએ જાતે જવું પડે છે. કર્મચારીઓના પર્સનલ ફોન પર વાતચીત કરીને ટાઉનહોલની માહિતી નગરજનો મેળવી રહ્યા છે. ત્યારે નગરવાસીઓ શહેરના ટાઉનહોલની ટેલીફોન સેવા કયારે કાર્યરત થશે તેની રાહ જોઈ રહ્યા છે.

ગાંધીનગર શહેર કર્મચારી નગરી તરીકે ઓળખાતું હતું પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી આ નગરીમાં દિનપ્રતિદિન વધી રહેલા સાંસ્કૃતિક કાર્યક્રમોને પગલે સાંસ્કૃતિક નગરી તરીકે જાણીતી બની છે. નગરમાં સાહિત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સારી બેઠક વ્યવસ્થા, લાઈટીંગ અને યોગ્ય સાઉન્ડ ધરાવતા ટાઉનહોલ કલાપ્રેમીઓની પહેલી પસંદ બની રહે છે. શહેરના કલાકારો માટે એક સારુ પ્લેટફોર્મ ટાઉનહોલ બની રહે છે ત્યારે કાર્યક્રમનું આયોજન કરવું હોય તો નગરજનો ટેલીફોન સરળ માધ્યમ હોવાથી તેનો ઉપયોગ કરે છે. પરંતુ ટાઉનહોલના કર્મચારીઓએ ટેલીફોનની ઘંટડી છેલ્લા ચાર વર્ષથી સાંભળી નથી. ટાઉનહોલનો ટેલીફોન કાર્યરત હતો પરંતુ તંત્ર દ્વારા સ્વર્ણીમ પાર્કના નિર્માણ સમયે કરવામાં આવેલા ખોદકામમાં ટેલીફોનની લાઈન કયાંક કપાઈ ગઈ છે. ત્યારે બીએસએનએલ વિભાગને આ ફોલ્ટ શોધવામાં જાણે મજુરીનું કામ લાગતું હોય તેવું લાગી રહ્યું છે અથવા ટેલીફોન વિભાગના કર્મચારીઓને આ લાઈન શરુ કરવામાં રસ નથી... શહેરની સંસ્થાઓને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવાનું હોય છે ત્યારે રૂબરુ જઈને તપાસ કરે છે. પરંતુ કર્મચારીઓના મિલનસાર સ્વભાવને કારણે ઓળખાણ થઈ જતા પર્સનલ મોબાઈલ પર ફોન કરીને પણ નગરજનો માહિતિ મેળવી રહ્યા છે. રાજયની રાજધાનીમાં સમ ખાવા માત્ર એક સરકારી ટાઉનહોલ છે તેમા પણ બંધ રહેલો ફોન કયારે શરુ થશે તેની રાહ ચાતક નજરે નાગરિકો જોઈ છે. ટેલીફોન વિભાગ દ્વારા ફોન સત્વરે શરુ કરવામાં આવે તેવી નગરજનોની લાગણી અને માંગણી છે.

# ડૉ. મનમોહન સિંઘનો ગુજરાત પ્રવાસ રદ થતા સિવિલ તંત્રએ રાહતનો દમ લીધો

ગાંધીનગર, તા.૨૬

શનિવારના રોજ વીવીઆઈપી મહેમાનો આવવાના હોવાથી સિવિલ તંત્રને પણ ઉચ્ચકક્ષાએથી આદેશો મળતા હોસ્પિટલમાં પણ તૈયારીઓ કરી દીધી હતી. આજે સવારથી જ હોસ્પિટલમાં ચહલ પહલ જોવા મળી હતી. સિવિલના સત્તાધિશોએ રાઉન્ડ લઈ તમામ વિભાગોને જરુરી સુચનો આપી દીધા હતા. જયારે વીવીઆઈપીઓને પગલે તંત્ર દ્વારા ત્રણ ડોકટરોની ટીમ, બેઝ હોસ્પિટલ પણ તૈયાર કરી દીધી હતી અને ડોકટરોને પણ રાઉન્ડ ધ કલોક હાજર રહેવાના આદેશો અપાઈ ચુક્યા હતા. ત્યારે આજે છેલ્લી ઘડીએ ભારતના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંઘનો ગુજરાત પ્રવાસ રદ થવા પામ્યો છે જેની જાણ સિવિલ તંત્રને થતા તંત્રએ રાહતનો દમ લીધો છે.

રાજયની રાજધાની ગાંધીનગરમાં તા. ૨૭ ફેબુઆરી શનિવારના રોજ મોંઘેરા મહેમાન પધારવાના છે. આ મહેમાનમાં ભારતના પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ એજયુકેશન કેમ્પસના નવિન મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે ગાંધીનગરના મહેમાન બનાવાના હતા. પ્રોટોકોલને પગલે રાજય સરકાર દ્વારા તમામ વિભાગને જાણ કરી દેવામાં આવી હતી. ગાંધીનગર શહેરમાં પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંઘ આવવાના હોવાથી મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની જવાબદારી વધી જવા પામી હતી. ઉચ્ચકક્ષાએથી સુચનો મળ્યા હોવાથી અધિકારીઓ અને ડોકટરો દ્વારા છેલ્લા બે ત્રણ દિવસથી આયોજન કરાતા હતા. આજે સિવિલમાં ચહલ પહલ વધુ જોવા મળી હતી નવા બિલ્ડીંગના પહેલા માળે આવેલ વીઆઈપી રુમની અધિકારીઓએ ચકાસણી કરી જરુરી સુચનો આપી દીધા હતા. સિવિલના તમામ સ્ટાફ, આઉટસોર્સિંગના કર્મચારીઓ અને સિકયોરીટી સહિતને જરુરી આદેશો આપી દેવામાં આવ્યા હતા. સિવિલના સતાધિશોએ મેડીસીન, સર્જરી, અને એનેથેસીયાની ટીમ જરુરી સાધનોથી સજ્જ કરીને ડોકટરોને રાઉન્ડ ધ કલોકની રહેવાની સુચના પણ આપી દેવામાં આવી હતી. ત્યારે છેલ્લી ઘડીએ પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંઘનો ગુજરાત પ્રવાસ રદ થતા તેની જાણ સિવિલ તંત્રને થતા રાહતનો દમ લીધો હતો.

# વાઈ-ફાઈ નેટવર્ક ઈન્ટરનેટ માટે આશીર્વાદ રૂપ

ગાંધીનગર, તા.૨૬

અદ્યતન ટેકનોલોજીના વિક્રમી ઉપયોગમાં સૌથી વધુ અસરકારક ઈન્ટરનેટ સુવિધા રહી છે. હાથવગી બનેલી આ ઈન્ટરનેટ સુવિધામાં જપ્ત નવી ટેકનોલોજીનો ઉમેરો થતો જ રહે છે. જેમાં હાલ વાઈ-ફાઈ નેટવર્ક સુવિધા ઘરે ઘરે પ્રચલિત બની છે. લેપટોપ, સીપીયુ તથા મોબાઈલ થકી ઈન્ટરનેટ ઉપયોગ કરતા વપરાશકારો હવે વાઈ-ફાઈ નેટવર્ક સુવિધાનો લાભ લઈ ઘરે તથા ગૃપમાં ઈન્ટરનેટ ચેટીંગ શેર કરી રહ્યા છે. જેથી વ્યકિતગત ઈન્ટરનેટ રી-ચાર્જમાં પ્રમાણ ધીમી ગતિએ છે જયારે વાઈફાઈથી વપરાશમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.




વિશ્વભરમાં ઈન્ટરનેટ એ જીવન જરૂરિયાતની સુવિધાનું પ્રમાણપત્ર મેળવવા તરફ ધસી રહ્યું છે. લગભગ તમામ બાબતો હવે નેટ વગર અશકય બનતી જઈ રહી છે. હાલમાં ચુકવવાના થતા તમામ બિલો, જાણકારીઓ, ખરીદી, વેચાણ, શાળા-કોલેજો, સરકારી કચેરી, ખાનગી કંપનીઓ અને પેઢીઓ અને દુકાનો સહિત ઠેકઠેકાણે ઈન્ટરનેટ સુવિધા વ્યાપી ગઈ છે. જેમાં હવે વાઈ ફાઈ નામની અદ્યતન સુવિધા ઉપલબ્ધ બની છે.

વાઈ-ફાઈથી એક જ કનેકશન હેઠળ અનેક અંગત લોકો પાસવર્ડ થકી ઈન્ટરનેટનો વપરાશ કરી શકે તેવી સુવિધા છે જેથી આ વાઈફાઈથી ઘરના સભ્યો, સરકારી કચેરીઓ, ખાનગી કંપનીઓ અને ગૃપને મોટો ફાયદો થઈ રહ્યો છે. વધુમાં સરકારની બીએસએનએલ તથા અન્ય કંપનીઓ બ્રોન્ડબેન્ડની યોજના લાવી વધુમાં વધુ લોકો ઉપયોગ કરી શકે તેવો હેતુ રખાયો છે. આમ વાઈફાઈ એ ઈન્ટરનેટ વપરાશકારોમાં વધારો કરી દીધેલ છે. પરંતુ વ્યકિતગત ઈન્ટરનેટ રીચાર્જને અસર જોવા મળી છે. એકંદરે અદ્યતન ટેકનોલોજીના સહારે લોકો પોતાનું કાર્ય સરળતાથી પાર પાડવામાં સફળ રહે છે.

## ગાયત્રી મંદિરમાં આજે 'શાંતિ' વિષે વાર્તાલાપ

ગાંધીનગર, તા.૨૬

'વરેણ્યમ્' ગાંધીનગર આયોજિત પ્રવચનનો ચતુર્થ મણકો 'શાંતિ' વિષે શ્રી અમેરિકા સ્થિત હોલીસ્ટીક હીલર શ્રી નટુભાઈ પટેલ તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ સાંજે સાડા પાંચ વાગે ગાયત્રી મંદિર, સે-૧માં વાર્તાલાપ કરશે. સર્વે જીજ્ઞાસુઓને હાજરી આપવા જણાવેલ છે.

## મા રુકમામ્બા સપ્તશતિ પારાયણ આજે યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે ત્રિમૂર્તિ દત્તમંદિર ખાતે મા રુકમામ્બા મૂર્તિના અનાવરણના ૨૫મા વર્ષે શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય-પોર નિવાસી રચિત મા રુકમામ્બા સપ્તશતિ પારાયણ ૧૮મું શ્રીમતી શાંતાબહેન કાન્તિભાઈ પટેલ આનંદનગર બં.૧૭, સે-૨૭ ખાતે તા. ૨૭-૨-૨૦૧૬ના રોજ સાંજના ૪ થી ૬ દરમિયાન રાખવામાં આવેલ છે તો શહેરના સર્વે ભકતોને લાભ લેવા વિનંતી છે.

## નાસતા ફરતા આરોપીઓને પકડવા રેન્જ આઈજીપીની સ્પે. ડ્રાઈવ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર રેન્જમાં આઈજીપી મનોજ શશીધરે પોતાના રેન્જમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સ્પે. ડ્રાઈવ રાખી છે. જે અંતર્ગત રેન્જમાં સમાવિષ્ટ જિલ્લાઓના પોલીસવડાને સુચનાઓ આપી દેવામાં આવી છે. ગાંધીનગર એલસીબીની એબસ્કવોન્ડર સ્કવોર્ડ એ આજે બે વોન્ટેડ આરોપીઓને અલગ અલગ સ્થળેથી પકડી પાડયા છે. સે-૨૧ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ પીન્ટુ લક્ષ્ણ બારોટને સે-૨૩ ચર્ચ પાસેથી પકડી પાડવામાં આવ્યો છે જયારે સાંતેજના પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ વિષ્ણુ ભોપા ઠાકોરની સાંતેજથી ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવી છે.

## હજરત જીન્દાશા મદારનો ઉર્સ મુબારક

ગાંધીનગર, તા.૨૬

પેથાપુર ખાતે આવેલ હજરત જીન્દાશા મદાર (દમમદાર બેડાપાર)ના છીલ્લા મુબારકનો ઉર્શ શરીફ તા. ૨૭-૨-૨૦૧૬ શનિવારના રોજ શાનો સોકતથી મનાવવામાં આવશે તેમ સીદીકભાઈ અલીભાઈ ગાંધર્વ એ જણાવતા ઉર્સ શરીફમાં ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

# પોસ્ટ વિભાગની ક્ષતિથી સીનીયર સીટીઝન દંડાયા

ગાંધીનગર, તા.૨૬

સરકારી કચેરીમાંથી નિવૃત્ત થતા કર્મચારીઓ પોસ્ટ વિભાગની સીનીયર સીટીઝન/એમ.આઈ.એસ. યોજનાઓમાં રોકાણ કરી મળતા વ્યાજની રકમમાં જીવન નિર્વાહ પસાર કરવાનું આયોજન કરે છે. પાટનગરમાં આવા જ એક રહેવાસીએ પોસ્ટ ઓફીસમાં સીનીયર સીટીઝન યોજના હેઠળ રોકાણ કરેલ હતું. આ યોજનામાં વ્યાજની રકમ ત્રણ માસે મળે છે. એક નિવૃત્ત કર્મચારીને ડીસેમ્બર ૨૦૧૫ના ત્રીમાસિક અંતે મળવા પાત્ર રકમ ઓછી જમા થતા આ અંગે રોકાણકારે હેડ પોસ્ટ ઓફીસમાં તા. ૬-૨-૨૦૧૬ના રોજ લેખિતમાં રજુઆત કરી હતી. અંદાજે ૧૫ થી ૨૦ દિવસ બાદ આ રકમ તેઓના સેવીંગ્સ એકાઉન્ટમાં પાછલી તારીખ એટલે તારીખ ૯-૨-૨૦૧૬ દર્શાવી જમા કરી જેથી પોસ્ટ કચેરીઓ ઝડપથી કામગીરી કરે છે તેવો નિર્દેશ થાય. આમ પોસ્ટ વિભાગની એક નાનકડી ક્ષતિ પણ ગંભીર ગણી શકાય તે કારણસર રોકાણકાર બે માસ સુધી વ્યાજની રકમ જીવન નિર્વાહ માટે મેળવી ન શકયા. શું પોસ્ટ વિભાગના સત્તાધીશો આવી નાનકડી ક્ષતિનું અન્ય રોકાણકારોના કિસ્સામાં પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય કરી શકશે? ટૂંકમાં સીનીયર સીટીઝનોએ વ્યાજની ચકાસણી અવશ્ય કરવી.

## સંસ્કૃતિકુંજના વસંતોત્સવમાં મહારાષ્ટ્રની નૃત્યકળા 'લાવણી'એ લોકોને રસતરબોળ કર્યા

ગાંધીનગર, તા.૨૬

સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ ૨૦૧૬ યોજાયેલ છે. આ કાર્યક્રમમાં જુદા જુદા રાજયના કલા ગૃપ દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થાય છે. જે પૈકી વિશ્વાસ તાંબળે લાવણી ગ્રુપ મહારાષ્ટ્રના મુખ્ય કલાકાર શ્રીમતી નંદાગોરે નાસિકકર દ્વારા તા. ૨૫-૨-૨૦૧૬ના રોજ મહારાષ્ટ્રની આગવી ઓળખ એટલે લાવણી નૃત્ય મરાઠા નૃત્યની શાન લાવણી ઉજાગર કરે છે. લાવણી એટલે લાવણ્ય. મુખ મુદ્રાથી નંદા ગોરે નાસિકકરે નૃત્યની લાવણ્યતા આંખના હાવભાવ સાથે નૃત્ય કરી લોકોના મન હરી લીધા હતા. આઠ પ્રકારની મહારાષ્ટ્રની લાવણીની આ કલાને શાસ્ત્રીય ઢબે પ્રસ્તુત કરવામાં આવી હતી.

# મહાન વિભૂતિઓની પ્રતિમાઓની સ્વચ્છતા અંગે બેદરકારી

## માત્ર વાર તહેવારે પ્રતિમાઓની સફાઈ કરી પછી ભૂલી જવાય છે : અસ્વચ્છ પ્રતિમાઓ જોઈ નાગરિકોની લાગણીઓ દુભાય છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં અનેક સર્કલો પર લોકનેતાઓ કે મહાન વિભૂતિઓની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જો કે મોટા ભાગની પ્રતિમાઓની સાફ સફાઈ અને સ્વચ્છતા જાળવણી બાબતે તંત્ર દ્વારા સેવાઈ રહેલ દુર્લક્ષતાના કારણે આ પ્રતિમાઓની હાલત બદતર જણાઈ રહી છે. માત્ર વાર તહેવારે સ્વચ્છ કરાતી પ્રતિમાઓને પછી ભૂલી જવામાં આવે છે.

પાટનગરમાં ખુલ્લા રાજમાર્ગો અને વિશાળ સર્કલો એક નયનરમ્ય આભા ઉભી કરે છે. આ સર્કલો વિવિધ થીમ આધારિત વિકસાવાયા છે. પરંતુ કેટલાક સર્કલો પર ભારતીય સંસ્કૃતિમાં લોકજીવનને સ્પર્શી પોતાની અમીટ છાપ છોડનાર લોક નેતાઓ કે મહાન વિભૂતિઓની પ્રતિમાઓ પણ પ્રસ્થાપિત કરવામાં આવે છે. જેમ કે ઘ-૫ સર્કલે પૂ. રવિશંકર મહારાજ, વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકર, ગ-૨ સર્કલે સ્વામી વિવેકાનંદ, ઘ-૬ સર્કલે દેવી સરસ્વતી, ખ-૬ સર્કલે ગૌતમ બુધ્ધ તથા સર્કીટ હાઉસ પ્રાંગણમાં મહારાણા પ્રતાપ, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં સ્વામી વિવેકાનંદ વગેરે. આ ઉપરાંત સચિવાલય સંકુલમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરાઈ છે. નગરના સર્કલો પરની



પ્રતિમાઓની સાફ સફાઈ બાબતે ભારે ઉદાસીનતા સેવાતી જોવા મળી રહી છે.

એક તરફ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર દેશને સ્વચ્છતા જાળવવા અંગે હાકલ કરી છે. જયારે બીજી તરફ ગાંધીનગરમાં મહાન વિભૂતિઓની પ્રતિમાઓની સ્વચ્છતા બાબતે બેદરકારી સેવાઈ રહી છે. વડાપ્રધાન રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમમાં પણ એકવાર લોકનેતાઓની પ્રતિમાઓની સ્વચ્છતા જાળવવા પર ખાસ ભાર મૂકયો હતો પરંતુ જાણે ગાંધીનગરના તંત્રના બ્હેરા કાને વડાપ્રધાનની વાત પણ પહોંચવા પામી નથી.

શહેરમાં પ્રસ્થાપિત કરાયેલ મોટા ભાગની પ્રતિમાઓ પર ધૂળ, સેપટના થર જામવા ઉપરાંત પક્ષીઓની ચરકના કારણે પણ અસ્વચ્છતા જોવા મળી રહી છે. જયારે જયારે રાષ્ટ્રીય તહેવાર હોય કે જે તે વિભૂતિની જન્મતિથી કે પુણ્યતિથી હોય ત્યારે ત્યારે તે પ્રતિમાને સાફ કરાય છે પરંતુ ત્યારબાદ આખું વર્ષ તે પ્રતિમાની નિયમિત સફાઈ પ્રત્યે ગંભીર દુર્લક્ષ સેવવામાં આવે છે.જેના કારણે જે તે વિભૂતિના પ્રત્યે આદરભાવ ધરાવતા નાગરિકોમાં તંત્ર પ્રત્યે ફિટકાર ઉપજી રહ્યો છે. પોતાના આદરણીય અને પ્રેરણામૂર્તિ સમી વિભૂતિઓની પ્રતિમાઓની હાલત જોઈ નાગરિકોની લાગણી દુભાઈ રહી છે. આ પ્રતિમાઓની નિયમિત સાફ સફાઈ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની લોક લાગણી બળવત્તર બનતી જાય છે.

## શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે યોજાનાર પાટોત્સવ

ગાંધીનગર, તા.૨૬

શ્રી વલ્લભ મેમોરીયલ ટ્રસ્ટ અને ગાંધીનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે ગાંધીનગર સ્થિત શ્રીજી શ્રી ગોવર્ધનનાથજી પ્રભુના ૨૪માં પાટોત્સવ નિમિત્તે પૂ.પા.ગો. ૧૦૮ શ્ર વ્રજલતા બેટીજી મહોદયાની અધ્યક્ષતામાં હવેલી મંદિર, સે-૨૧ ગાંધીનગર ખાતે તા. પહેલી અને બીજી માર્ચ ૨૦૧૬ના રોજ પાટોત્સવ પર્વની ઉજવણી કરાશે.

જેમાં તા. ૧-૩-૨૦૧૬ના રોજ શ્રીનાથજી પ્રભુનો પાટોત્સવ તિલક દર્શન ભીતરમાં રાજભોગ ૧૧.૩૦ કલાકે અને ફુલફાગનો મનોરથ સાંજે ૭.૦૦ કલાકે યોજાશે.

તા. ૨-૩-૨૦૧૬ના રોજ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજલતાબેટીજી મહોદયાના સાનિધ્યમાં નંદ ઉત્સવ સવારે ૧૦ કલાકે, રાજભોગમાં તિલક દર્શન સવારે ૧૨.૦૦ કલાકે, વચનામૃત સાંજે ૪.૩૦ કલાકે, વસંત વિહારનો મનોરથ સાંજે ૭.૦૦ કલાકે ઉજવાશે તો સર્વે વૈષ્ણવોને લાભ લેવા વિનંતી છે.

## ચિરવિદાય

- સ્વ. અજીતજી કનુજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. વૈશાલીબેન બચુભાઈ પટેલ, ઉ.વ. ૩૮